પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૯ | ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૦, મંગળવાર; મહા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ફેંસલો : દિલ્હી પર કોણ કરશે રાજ

**દિલ્હી વિધાનસભા ચૂંટણીનું આજે પરિણામ : એક્ઝિટ પોલના આંકડા પ્રમાણે આપની સરકાર બનતી હોવાનો દાવો : કુલ ૭૦ બેઠકોના પરિણામ જાહેર થશે**




નવી દિલ્હી, તા. ૧૦

દિલ્હીમાં કોની સરકાર બનશે તે અંગે હવે આવતીકાલે ફેંસલો થનાર છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાયા બાદથી જ ભારે સસ્પેન્સની સ્થિતી જોવા મળી રહી હતી. એમ માનવામાં આવે છે કે બપોર સુધીમાં આવતીકાલે તમામ પરિણામ જાહેર કરી દેવામાં આવશે. દિલ્હીમાં ચૂંટણી માટે મતદાન યોજાયા બાદથી જ ભારતીય જનતા પાર્ટી અને એએપી દ્વારા જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. હવે આવતીકાલે વાસ્તવિક ચિત્ર સ્પષ્ટ થનાર છે. દિલ્હીમાં સરકારને લઈને રાજકીય પંડિતો પણ ગણતરી કરી રહ્યા છે. આ વખતે દિલ્હી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ તમામ તાકાત લગાવી દેવામાં આવી હતી.

દિલ્હીમાં મતદાનની ટકાવારીને લઈને સવાલ થયા બાદ મોડી સાંજે ચૂંટણી પંચે આંકડા જારી કર્યા હતા અને કહ્યુ હતુ કે કુલ મતદાનની ટકાવારી ૬૨.૫૯ ટકા રહી છે. જ્યારે મહત્તમ ૭૧.૬ ટકા મતદાન રહ્યુ છે. બલ્લીમારાન ખાતે સૌથી વધારે ૭૧.૬ ટકા મતદાનની વાત ચૂંટણી પંચે કરી હતી. જ્યારે દિલ્હી કેન્ટમાં ૪૫.૪ ટકા જેટલુ સૌથી ઓછુ મતદાન થયુ હતુ. લોકસભા ચૂંટણી કરતા બે ટકા ઓછુ મતદાન થયુ છે.

# અનામત મામલે સંસદમાં હોબાળો

**વિપક્ષનું વોકઆઉટ : ભાજપ અનામત વિરોધી, સરકાર સુપ્રિમમાં પુનર્વિચારણા અરજી કરે : કોંગ્રેસ ● અનામત કોઇ ખૈરાત નથી, સંવૈધાનિક અધિકાર છે : ચિરાગ પાસવાન ● આ સુપ્રિમ કોર્ટનો નિર્ણય છે, કોંગ્રેસ ખોટું રાજકારણ ન કરે : સરકારનો જવાબ**

ન્યુ દિલ્હી,તા.૧૦

સરકારી નોકરીમાં પ્રમોશનમાં અનામતને મૌલિક અધિકાર ન ગણાવનારા સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણય વિરુદ્ધ વિવાદ શરૂ થઈ ગયો છે. લોકસભામાં સોમવારે વિપક્ષે આ મુદ્દો ભારે હોબાળો કર્યો હતો. ત્યારબાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, સુપ્રીમ કોર્ટનો તાજેતરનો નિર્ણય સંવેદનશીલ છે ત્યારે કોંગ્રેસે આ મુદ્દે રાજકારણ ન કરવું જોઈએ. લોકસભામાં શૂન્યકાળ દરમિયાન કોંગ્રેસ અને દ્રમુકના સભ્યોએ સરકાર પર નિશાન સાધતાં તેમને દલિત વિરોધી ગણાવી અને ઉત્તરાખંડ સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાનો પક્ષ રાખ્યો તે બાદ કોર્ટનો આવો આદેશ આવ્યો તેમ જણાવ્યું.

સામાજિક ન્યાય મંત્રી થાવર ચંદ ગેહલોતે કહ્યું કે, આપણે આ અંગે ઉચ્ચ સ્તરે ચર્ચા કરી રહ્યા છે. હું એ સ્પષ્ટતા કરવા માંગું છું કે કોર્ટમાં સરકાર ક્યારેય આ કેસમાં પાર્ટી તરીકે નથી ઊભી. ગેહલોતે કહ્યું કે, આ કેસ ૨૦૧૨માં ઉત્તરાખંડ સરકારના પ્રમોશનમાં અનામત ન આપવા અંગે સામે આવ્યો હતો. એ વખતે રાજ્યમાં કોંગ્રેસની સરકાર હતી. આ અંગે કોંગ્રેસે ગૃહમાંથી વોકઆઉટ કરી દીધું હતું. ત્યારબાદ સંરક્ષણ મંત્રી રાજનાથ

● અનુસંધાન પાન-૭ પર

# વિરોધ માટે સાર્વજનિક રોડ બંધ ન કરી શકાય: સુપ્રિમ કોર્ટ

**શાહિનબાગ કેસ મુદ્દે સુપ્રિમ આગામી સુનાવણી ૧૭ ફેબ્રુઆરીએ કરશે : સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ પાઠવી**




ન્યુ દિલ્હી,તા.૧૦

નાગરિકતા સંશોધન એક્ટર (સીએએ) અને નેશનલ રજિસ્ટર ફોર સિઝીઝન વિરુદ્ધ છેલ્લા બે મહિનાથી ચાલી રહેલા શાહીન બાગમાં પ્રદર્શન પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. સર્વોચ્ચ અદાલતે સીધી રીતે પ્રદર્શનકારીઓને હટવાના આદેશ આપવાનો ઈનકાર કરી દીધો. જોકે, સુપ્રીમ કોર્ટનુ કહેવુ છે કે હંમેશા માટે કોઈપણ સાર્વજનિક રસ્તાઓ બંધ નથી કરી શકાતા. સુપ્રીમ કોર્ટે શાહીન બાગમાંથી પ્રદર્શનકારીઓને હટાવવાની અપીલ કરનારી અરજીઓ પર કેન્દ્ર, દિલ્હી સરકાર અને પોલીસને નોટિસ પાઠવી છે.

સુપ્રીમ કોર્ટમાં હવે આ મામલાની સુનાવણી આગામી ૧૭ ફેબ્રુઆરીએ થશે. કોર્ટે કહ્યું કે, જો આટલી રાહ જોઈ છે તો એક અઠવાડિયુ વધુ રાહ જોઈ લો. જસ્ટીસ સંજય

● અનુસંધાન પાન-૭ પર

# એટ્રોસિટી કેસમાં હવે તપાસ વગર જ ધરપકડ થઈ શકશે

ન્યુ દિલ્હી,તા.૧૦

એસસી/એસટી એક્ટમાં કેન્દ્ર સરકારના એસસી-એસટી સંશોધન કાયદાને પડકારતી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. પોતાના ચૂકાદામાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરતા જણાવ્યું કે,



એસસી-એસટીએક્ટમાં તાત્કાલીક ધરપકડની જોગવાઈને જોડવા માટે સરકાર તરફથી ૨૦૧૮માં કરવામાં આવેલા સંશોધનને યથાવત રાખવામાં આવ્યું છે. સુપ્રિમે બે વર્ષ બાદ પોતાના જ નિર્ણયમાં ફેરફાર કર્યો છે જેથી સરકારને મોટી રાહત મળી છે. આથી જો કોઈ કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવે છે, તો આરોપીની તાત્કાલીક ધરપકડ કરવામાં આવશે. આ સાથે જ એસસી-એસટી એક્સના મામલામાં કેસ દાખલ કર્યા પહેલા તપાસની આવશ્યક્તા નહી રહે. જ્યારે એફઆઈઆર દાખલ કર્યા પહાલ કોઈ વરિષ્ઠ અધિકારીની મંજૂરીની પણ જરૂરત નહીં રહે. જો કે કેટલીક ખાસ પરિસ્થિતિઓમાં કોર્ટ એફઆઈઆર

**એસસી/એસટી સંશોધિત એક્ટને આપી મંજૂરી : સુપ્રિમ કોર્ટે એસસી/એસટી સંશોધન અધિનિયમ-૨૦૧૮ની બંધારણીય કાયદેસરતાને યથાવત રાખ્યો, એફઆઇઆર નોંધવા માટે પ્રાથમિક તપાસની જરૂર નથી અને આ માટે વરિષ્ઠ પોલીસ અધિકારીની મંજુરી નહિ લેવી પડે, સુપ્રિમે બે વર્ષ બાદ પોતાના જ ચુકાદામાં ફેરફાર કર્યો : સરકારને 'સુપ્રિમ'ની રાહત**

ફગાવી શકે છે.

જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારના સંશોધિત કાયદાને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેને સોમવારે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી અને કેન્દ્રના સંશોધિત કાયદાને મંજૂરી આપી દીધી છે. કોર્ટે જણાવ્યું કે, આ એક્ટમાં તાત્કાલીક ધરપકડની જોગવાઈ યથાવત રહેશ અને કોઈ પણ આરોપીને આગોતરા જામીન નહીં મળે.

# છત્તીસગઢના બીજાપુરમાં અથડામણ

**૨ જવાન શહિદ, ૧ નક્સલી ઠાર : બીજાપુરમાં ૭ નક્સલીઓએ સરેન્ડર કર્યુ : કોબરા બટાલિયન કમાન્ડર સહિત બે જવાન ઘાયલ**

બીજાપુર,તા.૧૦

છત્તીસગઢમાં બીજાપુર જિલ્લાના પામેડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોમવારે સવારે નક્સલીઓ અને સીઆરપીએફ કોબરા ૨૦૪ બટાલિયનના જવાનો વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન એક નક્સલી ઠાર મરાયો જ્યારે ૨ જવાન શહિદ થયા છે. અથડામણમાં ૨ જવાન પણ ઘાયલ થયા છે. જેમાં સીઆરપીએફ કમાન્ડેન્ટ પણ સામેલ છે. અથડામણ હાલ પણ ચાલું છે.

સીઆરપીએફ કોબરા બટાલિયનના જવાન નક્સલીઓની હાજર હોવાની સૂચના મળતા તિપાપુરામ કેમ્પથી પામેડ ક્ષેત્ર તરફ સર્ચિંગ પર નીકળ્યા હતા. આ દરમિયાન ઈરાપલ્લીના જંગલોમાં હાજર નક્સલીઓએ હુમલો કરી દીધો હતો. ઘાયલ જવાનોની મદદ કરવા માટે જવાનોની એક ટૂકડીને ઘટનાસ્થળે મોકલી દેવાઈ છે.

આ પહેલા બીજાપુરમાં સોમવારે ૭ નક્સલીઓએ સરેન્ડર કર્યું છે. એસપી દિવ્યાંગ પટેલે જણાવ્યું કે, સરેન્જર કરનારાઓમાં અમિત લેકામ એટલે કે શિવાજી, મડકમ શંકર ઉર્ફ હિરમા અને પોયામ મોટૂનું નામ સામેલ છે. આ તમામ પર ૩-૩ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. આ લોકોની પોલીસ ટીમ પર હુમલો કરવાની, ગામના લોકોને ધમકાવવાની અને આગ ચાંપવા જેવા મામલાઓમાં શોધખોળ ચાલી રહી છે.



સુકમામાં રવિવાર સાંજે સર્ચિંગ પર નીકળેલા સીઆરપીએફ જવાનોને આઈડી મળી આવ્યા હતા. જેને જંગલના એ રસ્તા પર જમીન પર સંતાડીને રાખવામાં આવ્યા હતા, જ્યાંથી જવાનો પસાર થાય છે.

# ઓમર અબ્દુલ્લાની અટકાયત સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ

**ઓમર અબ્દુલ્લાની બહેન દ્વારા અપીલ કરાઈ : ઓમરને અટકાયતમાં રાખવા માટે કોઇપણ આધારો નથી ઓમરની બહેન સારા દ્વારા રજૂઆત : સિબ્બલ કેસ લડશે**

નવીદિલ્હી, તા. ૧૦

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની બહેને આજે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને ઓમર અબ્દુલ્લાની પબ્લિક સેફ્ટી એક્ટ હેઠળ અટકાયતને પડકાર ફેંક્યો છે. અરજીદાર સારા અબ્દુલ્લા પાયલોટ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જસ્ટિસ એનવી રમન્નાના નેતૃત્વમાં બેંચ સમક્ષ તાકિદે સુનાવણી માટે આ મામલાનો ઉલ્લેખ કર્યો હતો. સિબ્બલે બેંચ સમક્ષ કહ્યું હતું કે, તેઓએ પીએસએ હેઠળ અબ્દુલ્લાની અટકાયતને પડકાર ફેંકીને હેબિયર્સ કોર્પ્સ પિટિશન દાખલ કરી દીધી છે. આ મામલામાં વહેલીતકે સુનાવણીની માંગ કરવામાં આવી છે. બેંચ આ મામલામાં સહમત થઈ ગઈ છે અને હવે આની સુનાવણી થશે. પોતાની અરજીમાં ઓમર અબ્દુલ્લાની બહેને કહ્યું છે કે, એક વ્યક્તિને અટકાયતમાં રાખવા માટે કોઈપણ કારણ દેખાતા નથી. છેલ્લા છ મહિનાથી ઓમર અબ્દુલ્લાને અટકાયતમાં રાખવામાં આવ્યા છે. તેમને અટકાયતમાં રાખવા માટેના આધારમાં કોઈપણ પ્રકારની નક્કર બાબત દેખાતી નથી. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, ઓમર અબ્દુલ્લાને અટકાયતમાં રાખવાનો આદેશ બિલકુલ આધાર વગરનો છે.

જમ્મુકાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદથી એક પછી એક પગલા મોદી સરકારે લીધા હતા જેના ભાગરુપે ટોપના લીડરોની અટકાયત કરવામાં આવી હતી. આમા ઓમર અબ્દુલ્લા અને પીડીપીના નેતા મહેબુબા મુફ્તીનો સમાવેશ થાય છે. ઓમર અબ્દુલ્લા દ્વારા હાલમાં જ કેટલાક ફોટાઓ જારી કરવામાં આવ્યા હતા.

# કોરોના વાયરસ માટે સહાયની મોદીની ઓફરથી ચીન ખુશ

**ભારતનો આભાર, આ બંન્ને દેશની ગાઢ મિત્રતા દર્શાવે છે : ચીન**

નવીદિલ્હી, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસથી ગ્રસ્ત ચીનને મદદરુપ થવા માટે પત્ર લખ્યા બાદ ચીન તરફથી આનું સ્વાગત કરવામાં આવ્યું છે. મોદીની ઓફર કરવામાં આવ્યા બાદ ચીને કહ્યું છે કે, મિત્રતા આમા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. વડાપ્રધાને ચીની પ્રમુખ શી જિંગપિંગને પત્ર લખીને મદદની ઓફર કરી છે. ચીનમાં વાયરસના કારણે હજુ સુધી ૯૧૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ચીનના હુબેઈ પ્રાંતમાં સૌથી વધુ અસરગ્રસ્તો છે. અહીં ૯૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ચીનના વિદેશમંત્રાલયના પ્રવક્તા ગેંગ શુઆંગે કહ્યું છે કે, અમે કોરોના વાયરસની સામે ચીનની લડાઈમાં ભારતના સમર્થનથી પ્રભાવિત છીએ. સાથે સાથે આભાર પણ માનીએ છીએ. ઓનલાઈન મિડિયા બ્રિફિંગમાં મોદી તરફથી જિનપિંગને લખવામાં આવેલા પત્ર અંગે પૂછવામાં આવતા તેમણે આ મુજબની વાત કરી હતી. ભારતની સદ્‌ભાવનાના આ પગલાને લઈને ચીન ખુબ જ પ્રભાવિત થયું છે. વડાપ્રધાને જિનપિંગને પત્ર લખીને મદદની વાત કરી હતી. તમામ પ્રકારની મદદ કરવાની ખાતરી આપી હતી. ચીન કોરોના વાયરસથી ગ્રસ્ત છે ત્યારે આ વાયરસના કારણે હજુ સુધી ચીનમાં ૯૦૦થી વધુના મોત થયા છે. પોતાના નાગરિકોને જુદા જુદા દેશો દ્વારા ખસેડવામાં આવી રહ્યા છે. ભારતે પણ મોટી સંખ્યામાં પોતાના નાગરિકોને ખસેડી લીધા છે. કોરોના વાયરસથી ગ્રસ્ત દેશમાંથી ગુજરાતમાં પણ મોટી સંખ્યામાં લોકોને ખસેડવામાં આવ્યા છે.

# શાહીનબાગમાં ચાર મહિનાના બાળકના મોત પર સુપ્રીમ લાલઘુમ

**શું ચાર મહિનાનું બાળક તેની જાતે વિરોધ પ્રદર્શન કરવા જઈ શકે?**

ન્યુ દિલ્હી,તા.૧૦

શાહીન બાગ પ્રદર્શન દરમિયાન ચાર મહિનાના બાળકના મોતના મામલામાં સુપ્રીમ કોર્ટની ત્રણ જસ્ટિસની બેંચે આ મામલામાં સુનાવણી કરતા સખત શબ્દોમાં ટિપ્પણી કરતા પૂછ્યું કે શું ચાર મહિનાનું બાળક પણ વિરોધ પ્રદર્શન કરવા માટે આવ્યું હતું? કેન્દ્ર સરકારે પણ આ દુર્ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવી છે.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન સોલિસીટર જનરલે પણ બાળકના મોતની ઘટનાને દર્દનાક ગણાવી. આ દરમિયાન શાહીન બાગની ત્રણ મહિલાઓએ પોતે પણ પોતાનો પક્ષ રજૂ કરવાની માગ કરી. મહિલાઓએ વકીલ દ્વારા કોર્ટમાં કહ્યું કે, કાયદા પ્રમાણે બાળકોને પણ વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છે. તેઓએ કોર્ટમાં ગ્રેટા થનબર્ગનું ઉદાહરણ પણ આપ્યું હતું. જેના પર ચીફ જસ્ટિસે તેમની ઝાટકણી કાઢતા કહ્યું કે સુપ્રીમ કોર્ટ માતૃત્વનું સમ્માન કરે છે, પરંતુ તમે અમને એક વાત સમજાવો કે શું ચાર મહિનાનું બાળક એની જાતે વિરોધ પ્રદર્શન કરવા જઈ શકે?

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225